**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૩ ટકા

# શહેરમાં મહાશિવરાત્રી ભાવપૂર્વક ઉજવાશે

## પંચદેવ મંદિર અને ધોળેશ્વર ખાતે લોકમેળો ભરાશે : શિવાલયોમાં અભિષેક અને લઘુરૂદ્રના આયોજન : સે-૧૧માં સામુહિક ચાર પ્રહર પૂજા યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીએ મહાશિવરાત્રીના પર્વની વિવિધ ધાર્મિક કાર્યક્રમોના આયોજનો સાથે ભવ્ય ઉજવણીની તૈયારીઓ જોવા મળી રહી છે. શહેરના સેકટર-૨૨ ખાતે મહાશિવરાત્રીએ ભરાતા લોકમેળા સાથે શહેરમાં સામુહીક ચાર પ્રહરની શિવપૂજા, લઘુરૂદ્ર હોમ તથા સુંદરકાંડના પાઠના આયોજનો પણ જોવા મળી રહ્યા છે. મહા શિવરાત્રીએ શહેરના શિવાલયો 'ઓમ નમઃ શિવાય'ના નાદથી ગૂંજી ઉઠશે તથા શ્રધ્ધાળુઓ બિલીપત્ર દૂધ-પાણી સહિતના દ્રવ્યોથી અભિષેક કરી ભગવાન ભોળાનાથને રીઝવવા કોશિષ કરશે.

શહેરના સેકટર-૨૨ ખાતેના પંચદેવ મંદિરે વહેલી સવારથી શ્રધ્ધાળુઓ ઉમટી પડશે અને ભગવાનના દર્શન તથા અભિષેકનો લાભ મેળવશે. મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે અહીં દર વર્ષની જેમ લોકમેળો ભરાશે જેમાં વિવિધ ચીજવસ્તુઓના- ખાણીપીણીના અને મનોરંજનના બજાર જોવા મળશે અને ગાંધીનગર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારની શ્રધ્ધાળુ જનતા ઉમટી પડશે. પંચદેવ નજીકના સેકટર-૨૧ ખાતેના વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે પણ શિવાભિષેક સાથે સાંજે વિશેષ આરતીનું આયોજન કરાયું છે. બંને મંદિરોએ ભગવાન શિવની રંગોળી આકર્ષણનું કેન્દ્ર બને છે. શહેરના અન્ય શિવાલયો જેમ કે સેકટર-૧૬માં સોમનાથ મહાદેવ, સેકટર-૩માં રામેશ્વર મહાદેવ, સે-૪માં ઓમકારેશ્વર, સે-૬માં ચંદ્રમૌલેશ્વર અને ભુવનેશ્વર મહાદેવ, સે-૮માં ત્ર્યંબકેશ્વર મહાદેવ વગેરે સહિત તમામ શિવાલયોમાં વિશેષ આરતી પૂજાના આયોજન કરાયા છે. આ ઉપરાંત શહેરના પૌરાણિક ધોળેશ્વર મહાદેવ ખાતે પણ લોકમેળો ભરાશે અને શ્રધ્ધાળુઓ પવિત્ર સાબરમતીના સ્નાનનો લાભ પણ મેળવશે. શહેરમાં સેકટર-૧માં સમદર્શન આશ્રમ ખાતે કૃપાનિધી મહાદેવની પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે સેકર-૧૬માં સોમનાથ મહાદેવના મંદિરે પ્રહર પૂજા તથા લઘુરૂદ્ર હોમ યોજાશે. આ ઉપરાંત શહેરમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્રો દ્વારા પણ શિવની ઝાંખી, શિવજયંતિ મહોત્સવ, બરફના અમરનાથ જેવા વિવિધ કાર્યક્રમોના આયોજન કરાયાં છે.

આ વર્ષે મહાશિવરાત્રીએ શહેરના સેકટર-૧૧માં રામકથા મેદાન ખાતે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફોર્ટ દ્વારા ૧,૦૮,૮૬૪ પાર્થિવ શિવલિંગની ચાર પ્રહરની પૂજા યોજાશે જે પ્રથમવાર યોજાઈ રહી છે જે આકર્ષણનું કેન્દ્ર બનશે.

### સે-૩-ડી અને ૨૭માં બરફના અમરનાથ દર્શન

ગાંધીનગરના સેકટર-૩-ડીમાં રામેશ્વર મહાદેવના મંદિરે સવારે ૭ થી સાંજના ૮ કલાક સુધી બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા બરફના અમરનાથ બાબાની ઝાંખીનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ઉદઘાન પ્રસંગે મેયર રીટાબેન પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત શહેરના સેકટર-૨૭ ખાતે પણ બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે શિવ જયંતિ મહોત્સવ અંતર્ગત બરફના અમરનાથ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. બંને સ્થળે બરફના અમરનાથ સાથે બાળકો માટે વેલ્યુ ગેમ્સ, શિવ અવતરણ વિડીય શૉ તથા ધ્યાનકુટિર વગેરેના આયોજન કરવામાં આવ્યા છે.

### ઝેવિયર્સમાં પચાસમો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

સેંટ ઝેવિયર્સ શાળા ગાંધીનગર દ્વારા ૫૦મો વાર્ષિકોત્સવ તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ સાંજે ૬ વાગ્યે શાળાના પ્રાંગણ ખાતે યોજાશે. ધો-૧ થી ૧૧ના વિદ્યાર્થીઓ અલગ અલગ કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રસંગે આઈએએસ એચ.કે. ધર્મદર્શી હાજર રહેશે. શાળાના સર્વે વિદ્યાર્થી તથા સ્ટાફમિત્રોને કાર્યક્રમમાં હાજર રહેવા શાળા દ્વારા જણાવાયું છે.

## રાજસ્થાન સમાજની પ્રતિભાઓને 'રાજસ્થાન ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત કરાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં વસતા રાજસ્થાની નાગરિકો દર વર્ષે રાજસ્થાન દિવસની વિવિધ પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે રંગારંગ ઉજવણી કરે છે. આ વર્ષે પણ રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૩૦મી માર્ચના રોજ સેકટર-૨૨ના રંગમંચ ખાતે રાજસ્થાન સ્થાપના દિવસની ઉજવણી કરાશે.

રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના અધ્યક્ષ તુલસીભાઈ માળી, મહામંત્રી મુકેશકુમાર વ્યાસ, સંરક્ષક ધર્મવીર ચૌધરી, ઉપાધ્યક્ષ જગદાન ગઢવી, માંગીલાલ ગુર્જર, મહાદેવ પ્રજાપતિ, શિક્ષામંત્રી રમેશ પાંચાલ, વિક્રમસિંહ રાજપૂત, કાર્યાલય મંત્રી તલકાજી, સંગઠન મંત્રી શિવશંકર જાટ, કોષાધ્યક્ષ મુફાજી પ્રજાપતિ, યુવા પાંખના અધ્યક્ષ પ્રવિણભાઈ ઉપરાંત નટવરભાઈ, કાર્યકારી સભ્યો તથા ટ્રસ્ટીઓની બેઠક રવિવારે યોજાઈ હતી. જેમાં પ્રવાસી રાજસ્થાનીઓ તથા દાતાઓને 'રાજસ્થાન ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવશે. કાર્યક્રમના આયોજન માટે વિવિધ સમિતિઓની રચના પણ કરવામાં આવી હતી અને તેમને જવાબદારીની સોંપણી કરવામાં આવી હતી. બેઠકના સમાપને તમામ સદસ્યોને કાર્યક્રમની સફળતા માટે તન-મન-ધનથી યોગદાન આપવા આહવાન કરતા અધ્યક્ષ તુલસીભાઈ માળીએ તમામનો આભાર માન્યો હતો.



વૃક્ષોને નવા પાંદડાઓ આવવાની શરૂઆત થઈ છે. જુના પાંદડાઓ પીળાં પડીને ખરી પડયાં છે આ પાંદડાઓનો કચરો શહેરમાં ઠેર ઠેર જોવા મળી રહ્યો છે. સફાઈકર્મી કચરાને સળગાવી રહ્યા છે. સેકટર-૧૧માં અખબારભવન જવાના રસ્તે પાંદડાઓ સળગતા જાણે જંગલમાં આગ લાગી હોય તેવા દશ્યો જોવા મળ્યા હતા.

# શહેરના અનેક પેટ્રોલ પંપો પર પીઓએસ સીસ્ટમ બંધ હોવાની રાવ...!!

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં ઘણા બધા પેટ્રોલ પંપ પર પીઓએસ સીસ્ટમ બંધ હોવાને કારણે ગ્રાહકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ વડાપ્રધાન સમગ્ર રાષ્ટ્રને ડિજીટલ ઈન્ડિયા અંતર્ગત કેશલેસ ઈકોનોમી વિકસાવવા ઓનલાઈન પેમેન્ટ જેવા વિકલ્પો અપનાવવા આગ્રહ કરી રહ્યા છે ત્યારે બીજી તરફ તેમના ગૃહરાજય ગુજરાતના પાટનગરમાં પેટ્રોલ-ડીઝલ-ગેસ જેવી પાયાની જરૂરિયાત માટે દાખલ કરાયેલી ડિજીટલ પેમેન્ટ સીસ્ટમ જ કામ કરતી અટકી જવા પામે ત્યારે ગ્રાહકો માટે પરેશાનીનો ભોગ બનવા સિવાય બીજો કોઈ આરો રહેતો નથી.

ગાંધીનગર કર્મચારી નગર હોવા સાથે સુશિક્ષિત શહેર હોવાને કારણે અહીં ડિજીટલ પેમેન્ટનો ઉપયોગ કરનારા નાગરિકો મોટ સંખ્યામાં જોવા મળે છે. મોટા ભાગના ગ્રાહકો ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડ દ્વારા પેટ્રોલ-ડીઝલ જેવી રોજીંદી જરૂરિયાતોના નાના-મોટા પેમેન્ટનું ચુકવણું કરવાનું પસંદ કરે છે ત્યારે શહેરમાં ઘણા બધા પેટ્રોલ પંપ પર કાર્ડ સ્વેપ મશીન સાથેની પીઓએસ એટલે કે 'પોઈન્ટ ઓફ સેલ' સીસ્ટમ બંધ જોવા મળી રહી છે. કેટલાંક કિસ્સામાં એવી પણ સ્થિતિ સર્જાય છે કે ગ્રાહક ઈંધણ ભરાવી દે પછી પેમેન્ટ માટે પોતાનું કાર્ડ બહાર કાઢે ત્યારે પેટ્રોલ પંપનો એટેન્ડન્ટ પીઓએસ સ્વેપ મશીન બંધ હોવાનું કે તેમાં કનેકિટવીટી ના હોવાની વાત કરી કેશ માંગે ત્યારે ગ્રાહકના ખિસ્સામાં રોકડ ઉપલબ્ધ ના હોય. સરવાળે નાની મોટી રકઝકની પરિસ્થિતિ સર્જાવા પામે છે.

## કલામહાકુંભ અંતર્ગત શહેરમાં ઉત્તર ગુજરાત ઝોન કક્ષાની સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૧૯

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના યુવક સેવા અને સાંસ્કતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા ઉત્તર ગુજરાત ઝોન કક્ષા કલા મહાકુંભ સ્પર્ધા સે-૧૬ રંગમંચ ખાતે યોજાઈ હતી. જેમાં ૬ થી ૫૯ વર્ષના કલારસિકોએ ભાગ લઈ વિવિધ કૃતિ રજૂ કરી હતી. જેમાં રાસ, લગ્નગીત, સુગમ સંગીત, કથ્થક, કુચીપુડી, તબલા અને ઓરગનની પ્રસ્તુતિ કલારસિકો દ્વારા ખુબ સુંદર રીતે કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ તથા જિલ્લા શિક્ષણ અધિકારી ભરતસિંહ વઢેર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિવિધ શહેરમાંથી દરેક કૃતિના નિર્ણાયક ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે જિલ્લા યુવા વિકાસ અધિકારી કુ. તેજલ ચૌહાણ દ્વારા ભાગ લેનાર સર્વેને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### આવતીકાલે મુન્શી પ્રેમચંદની નવલકથા 'કર્મભૂમિ'ની નાટયકથાનું વાંચન યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના નાટય ચાહકોના સૌજન્યથી 'વાકોવાકય થિયેટર' દ્વારા આગામી તા. ૨૧મી ફેબ્રુઆરી શુક્રવારે સાંજે ૪ કલાકે સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડ ખાતે જાણીતા પ્રગતિશીલ લેખક મુન્શી પ્રેમચંદની હિન્દી નવલકથા 'કર્મભૂમિ'ના નાટય કથા વાંચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જાણીતા નાટયવિદ અને દિગ્દર્શક ભૂપેશ શાહે તૈયાર કરેલ 'કર્મભૂમિ'ની નાટય કથાનું વાંચન નાટય દિગ્દર્શક મૌલિકરાજ શ્રીમાળી અને સાથીઓ કરશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શહેરના સાહિત્યપ્રેમી-નાટય પ્રમીઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## પાર્કિંગમાં ફર્નિચરના વેચાણ મુદ્દે બે રહીશો વચ્ચે છુટ્ટાહાથની મારામારી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક આવેલા અગોરા મોલ પાસે એટલાન્ટિસ પાર્ક ખાતે પાર્કિંગની જગ્યામાં ફર્નીચર વેચાણ કરવાના મુદ્દે બે પરિવારો વચ્ચે છુટ્ટાહાથની મારામારીના દશ્યો સર્જાયા છે. મારામારી બાદ બંન્ને પરિવારોએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અગોરા મોલની બાજુમાં આવેલા એટલાન્ટિસ પાર્ક એચ-૨૦૧ ખાતે રહેતા અલ્પેશકુમાર જાદવ સોસાયટીના સભ્યોની મંજુરીથી તેમણે તા.૧૬મી ફ્રેબુઆરીથી પોતાના બ્લોકની નીચે પાર્કીંગની જગ્યાએ ઘરવખરીનો સામાન સસ્તા ભાવે વેચવા માટે મુક્યો હતો. સાંજે સાતના વાગ્યાના અરસામાં સોસાયટી ખાતે રહેતા મનીષ તન્નાએ મોબાઈલમાં ફોટા પાડીને વોટ્સએપ ગ્રુપમાં મુક્યા હતા. વોટ્સએપ ગ્રુપમાં ફોટો કેમ મુક્યા તેવુ પુછતા મનીષભાઈ અને તેમના પત્ની હેતલબેન ઉશ્કેરાઈ ગયા હતા. પતિ-પત્નીએ ગાળો બોલીને માર માર્યો હતો. આખરે સ્થાનિક રહીશો વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો.

તો બીજી તરફ એટલાન્ટિસ પાર્ક એચ ૨૦૪ ખાતે રહેતા હેતલબેન તન્નાએ નોંધાવેલી ફરીયાદ મુજબ છેલ્લા આઠ દિવસથી સોસાયટી ખાતે રહેતા અલ્પેશ જાદવ અને અજય ચૌધરીએ પાર્કીંગની જગ્યામાં ઘરવખરીનો સામાન મુક્યો હતો. અ અંગે સોસાયટીમાં કોઈની મંજુરી લીધી ન હતી. આ બંન્ને ઈસમો સોસાયટીમાં પાણીપુરીની લારી પણ ઉભી રખાવી હતી. અગાઉ ડિસેમ્બર માસમાં સોસાયટીમાં એક મહિલાની હત્યા થઈ હતી. પાર્કિંગમાંથી સામાન હટાવી લેવા બાબતે રજુઆતની અદાવત રાખી સોસાયટીના ચેરમેન સંજયભાઈને ફોન કર્યો હતો. સોસાયટીના પાર્કીંગમાં ફર્નીચરનું વેચાણ બંધ કરાવવા માટે જણાવ્યુંહતું. ફર્નિચર વેચાણ બંધ કરવાના બદલે અજયભાઈ અને અલ્પેશભાઈએ મારમારી ધમકી આપી હતી.

### દત્ત મંદિરમાં રૂદ્રાભિષેક મંડળ દ્વારા શિવરાત્રીએ લઘુરૂદ્ર

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૨૮ના દત્ત મંદિરે મહા શિવરાત્રીના દિવસે એક દિવસીય લઘુરૂદ્ર યજ્ઞ રૂદ્રાભિષેક મંડળ દ્વારા યોજાશે. મહાશિવરાત્રીના પુણ્ય પવિત્ર પ્રસંગે યોજાનાર મહારૂદ્રના આશીર્વાદ પ્રાપ્ત કરવા સર્વે સભ્યોને પધારવા વિનંતી છે. આ ઉપરાંત મંડળ તરફથી આગામી શ્રાવણ માસમાં અતિરૂદ્ર યજ્ઞ યોજવામાં આવશે તેમ મહામંત્રી બાબુભાઈ શર્મા દ્વારા જણાવાયું છે.

## ગાંધીનગર મહાનગરપાલિકાનો હદ વધારવાનો નિર્ણય કસમયનો : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા તેની હદ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પેથાપુર નગરપાલિકા સહિત અન્ય ૧૮ ગામોને ગાંધીનગર મહાનગરપાલિકા સાથે જોડવામાં આવશે. તાજેતરમાં મળેલી ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં આ સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી હતી. પરિષદ માને છે કે અગાઉ ગાંધીનગર મહાનગરપાલિકામાં જોડાયેલા ગામોને હજી પૂરતી સુવિધાઓ આપી શકાઈ નથી તેમ જ મનપાને સરકારે મર્યાદિત કામગીરી સોંપી છે તે સંજોગોમાં ગાંધીનગર મહાનગરપાલિકાનો હદ વધારવાનો નિર્ણય કસમયનો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તરણ સાથે સરકાર ગાંધીનગર મહાનગરપાલિકાને પૂરતા કર્મચારીઓ સાથે સક્ષમ બનાવે તે જરૂરી છે. સરકારી મકાનોના વેરા તેમજ અન્ય રકમ સરકાર મનપાને સમયસર ચૂકવે, જેથી નાણાંના અભાવે મનપા પર વધારે વેરા લાદવાનું દબાણ ન આવે. નવા જોડાતા ગામોના વિકાસ માટે સરકાર ખાસ કિસ્સામાં વિશેષ રકમ મંજૂર કરે તે પણ આવશ્યક છે. નવા જોડાતા ગામોનો વિકાસ ખર્ચ કોઈ પણ સંજોગોમાં ગાંધીનગરના નાગરિકો પર ન પડે તે સુનિશ્ચિત કરવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે.

પૂર્વ આયોજિત નગર હોવા છતાં નવા વિકસી રહેલા ગાંધીનગરના મુખ્ય માર્ગો પર થતાં પાર્કિંગ જામ તેમજ વાહનોના પાર્કિંગના અભાવ પ્રત્યર્કિ વાગ્મિનભાઈ બૂચે ભારે અસંતોષ પ્રગટ કરીને તંત્રને સમયસર પગલાં લેવા સૂચવ્યુ હતું.

કેન્દ્રીય બજેટ પછી મળેલી આ બેઠકમાં નાણાં વ્યવસ્થાપન નિષ્ણાત પૂર્વ સંયુક્ત સચિવ જીતેન્દ્રભાઈ ડી. દવેએ વિશેષ ઉપસ્થિત રહી બજેટની દરખાસ્તોની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને મળેલી ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક કમિટીની આ બેઠકમાં એચ. બી. વરિયા, વાગ્મિનભાઈ બૂચ, એસ ડી આર મલિક, જીવણલાલ પરમાર સુમંતભાઈ શાહ, દશરથભાઈ પરમાર, ગુણવંતભાઈ ગોહેલ જીતેન્દ્રભાઈ ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહી મહત્વના સૂચનો કર્યા હતા.

### રવિશંકર મહારાજની ૧૩૭મી જન્મજયંતિએ પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા મહાશિવરાત્રી નિમિતે તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ રવિશંકર મહારાજની જન્મજયંતિ પ્રસંગે સવારે ૧૦ વાગ્યે તેમની ઘ-૫ સ્થિત મૂર્તિને પુષ્પાંજલિ આપી પ્રાર્થના કરવામાં આવશે. આ કાર્યક્રમમાં શહેરની વિવિધ સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓ ભાગ લેશે. શહેરીજનોને પણ આ કાર્યમાં જોડાવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ દ્વારા જણાવાયું છે.




તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ સ્યુગર ફ્રી સાઈકલોથોન અંતર્ગત ૫૦ કિમીની સાઈકલ રેસમાં શહેરની સે-૧૫ સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ફરજ બજાવતા ડૉ. જીજ્ઞાસા ત્રિકમલાલ ઠુમર એ ૪૦-૫૯ વર્ષ મહિલા કેટેગરીમાં ૧૦મું સ્થાન પ્રાપ્ત કરી શહેરનું ગૌરવ વધાર્યુ છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૫, ૧.૦૫, ૨.૦૫, ૩.૧૦, ૪.૧૦, ૬.૧૫, ૭.૧૫, ૯.૨૦, ૧૦.૨૦
**મલંગ**
૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૧.૦૦
**સ્ટ્રીટ ડાન્સર** - ૧.૦૦
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૧૦.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૩૦, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૦૦
**મલંગ**
૩.૩૦, ૯.૩૦
**તાન્હાજી** - ૬.૩૦
**શિકારા** - ૧૨.૪૫
**સ્ટ્રીટ ડાન્સર** - ૧૨.૩૦
**અફરા તફરી (ગુજરાતી)**
૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૯.૪૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
**મલંગ**
૧૦.૦૦, ૧.૨૦, ૭.૧૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર ૩**
૪.૧૦
**તાન્હાજી**
૧૦.૩૦
**સફળતા ૦ કીમી (ગુજરાતી)**
૯.૪૫
**અફરા તફરી (ગુજરાતી)**
૧૨.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૦૦, ૧૦.૧૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧.૧૫, ૧.૪૫, ૨.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૧૦.૪૫
**મલંગ**
૯.૪૦, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦
**સ્ટ્રીટ ડાન્સર ૩**
૧.૦૫
**તાન્હાજી**
૧૦.૧૫
**સફળતા ૦ કીમી (ગુજરાતી)**
૪.૦૫
**અફરા તફરી (ગુજરાતી)**
૧૦.૦૦
**ચાલ જીવી લઈએ**
૧૨.૧૫

### જલારામ મંદિરમાં શિવરાત્રી પૂજન દરમિયાન બિલીપત્રનો અભિષેક યોજાશે

ગાંધીનગર, તા.૧૯

તા.૨૧મી ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રીના પુનિત અવસરે શ્રી જલારામ ધામ સેકટર-૨૯ ખાતે શ્રી રામેશ્વર મહાદેવની નિશ્રામાં પુજન આરતીનો કાર્યક્રમ યોજાશે.

સવારે સાત વાગે મૂર્તિદાતા જે.ટી. અખાણીના હસ્તે શિવપૂજન થશે. સવારે સાતથી સાંજના પાંચ વાગ્યા સુધી બિલિપત્રનો અભિષેક થશે. ધ્વજાની શોભાયાત્રા સવારે સાડા દસ વાગે પેથાપુર નિવાસી ટેકચંદભાઈ ઠકકર-૧૯ બાંસરી બંગ્લો પેથાપુરના નિવાસસ્થાનેથી નીકળી જલારામ મંદિરે પહોંચશે. ધ્વજારોહણ અને મહાઆરતી બપોરે ૧૨ વાગે યોજાશે. જલારામ સેવા સમાજના તમામ સભ્યોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. કૈલાસબેન રમણલાલ પ્રજાપતિ, ઉ.વ. ૬૪
- સ્વ. મુકેશભાઈ શકરાભાઈ સોલંકી, ઉ.વ. ૫૫